# ‘હાર્દિક’ આવતીકાલનો અણસાર

પાટીદાર આંદોલને સૌથી વધુ પ્રસિદ્ધિ અપાવી હોય તો તે વીરમગામના એક અર્ધદગ્ધ વીસીમાં પ્રવેશેલા જુવાનિયાને. હાર્દિક ભરતભાઈ પટેલ એ કોઈ પરિપક્વ કાર્યકર કે નીવડેલો નેતા નથી. એને એકાએક જ પાટીદાર આંદોલનના સૂત્રધાર તરીકે બ્રેક મળી ગયો તે પણ સરકારની પાટીદારોને સાચવી લેવાની ભીરુતાભરી ફૂટનીતિને કારણે. જેને આંદોલન માટે જગ્યા ફાળવી આપી, જેના આંદોલનમાં આવવા માગતા પાટીદારોનાં વાહનોને ટોલટેક્સ ભર્યા વિના પસાર થવાની છૂટ અપાઈ, એ જ હાર્દિક એના ગજા બહારનું નિવેદન કરી બેઠો. ધરણાં પર બેસી ગયેલા યુવા અગ્રણીને રાજયનાં મુખ્યમંત્રી સામે ચાલીને પોતાને મળવા ધરણાંની જગ્યા પર આવે એવો આગ્રહ સેવ્યો ત્યારે સરકારને ભાન થયું કે કંઈક કાચું કપાયું છે. સરકારે કડકાઈ વાપરી એટલે હાર્દિક ઉંદરમાંથી વાઘ બની ગયો. છેવટે વાઘને તો પાંજરે જ પૂરવો પડે. ત્યાં પણ સરકારે વધુ એક ભૂલ કરી. એની વિરુદ્ધ હસવું આવે એવી રાજદ્રોહની કલમ લગાવી. દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી નેતા કન્હૈયાકુમારને અને હૈદરાબાદના ડાબેરી વિચારસરણી ધરાવતા મેધાવી વિદ્યાર્થી રોહિત વેમુલાને પ્રસિદ્ધિનાં શિખરે પહોંચાડવામાં સરકારી તંત્ર જ જવાબદાર છે. એક વાર આવાં તત્ત્વોની વિરુદ્ધ સરકારી તંત્ર આકરાં પગલાં લેવા માંડે કે તરત લુચ્ચા શિયાળની જેમ તકની રાહ જોઈ રહેલાં નવરાં વિપક્ષી ધોળિયાં એમની વહારે દોડી આવે છે. મીડિયાને તો મૂલ્યો સાથે સ્નાનસૂતકનો સંબંધ રહ્યો નથી. રાતોરાત આવાં છોકરડાં સુરખીઓ બટોરવા માંડે છે. જનસમદુયામાં એમના પ્રત્યે સહાનુભૂતિનું મોજું જાગે છે. જો કે એ બહું લાંબો વખત

**તંત્રીસ્થાનેથી...**

ટકતું નથી. એ પણ હકીકત છે. હાર્દિક, કનૈયો કે આપઘાત કરીને મરી ગયેલો રોહિત વેમુલા વખત પૂરતા જ પ્રાસંગિક હોય છે. એમની અસર શમી જતાં એ સાવ જ ‘યુઝલેસ’ સાબિત થતાં હોય છે. ગુજરાતમાં પંચાયતો પૂરતી સરકારે માર ખાધી; પણ પછી આવેલી પેટા ચૂંટણીઓ કે પંચાયતોની સાથે જ યોજાયેલી મહાનગરપાલિકાઓની અને એ પછી યોજાયેલી નગરપાલિકાઓની ચૂંટણીમાં કયાંક ‘પાટીદાર ઈફેક્ટ’ કે ‘હાર્દિક ફેક્ટર’ દષ્ટિગોચર નથી થયો. હાર્દિક પટેલની દાંડીકૂચનો સરકારે ફિયાસ્કો કરાવ્યો અને એને મહિનાઓ સુધી જેલમાં સબડવું પડ્યું. હવે જામીન મળ્યા છે તે પણ શરતી છે. વળી એના બોલમાં તોલ નથી એટલે કયારે કેવું ભરડી બેસશે તે નક્કી નથી. પ્રજાને આવા નેતાઓ નથી ખપતા. ધીર-ગંભીર, દોડીને મદદ કરનારા યુવાનોને પ્રજા જરુર ખભે બેસાડે પણ વાતનું વતેસર કરીને સરકારી સંપત્તિને નુકશાન કરનાર તથા વગરવાંકે પ્રજાને હેરાનગતિનો ભોગ બનાવનારા હાર્દિક-બ્રાંડ નેતાઓથી તો પ્રજા નવ ગજના નમસ્કાર જ કરશે. કેજરીવાલ જેવા અડૂકદડૂકિયા નેતાઓને ગુજારતના રાજકારણમાં ઘુસપેઠ કરવા માટે આવા તત્ત્વો જરુર ખપ લાગે, પણ એ પરિણામ ન જ લાવી શકે. કોંગ્રેસ પણ પાટીદારોના કે હાર્દિકના નામે એનું ડૂબતું વહાણ બચાવવાની આશા રાખતી હોય તો તે ઠગારી નીવડવાની છે. ચૂંટણી મુદ્દાઓ અને અંગત પ્રતિષ્ઠા - પ્રતિભાના જોરે જીતી શકાય; અલેલટપ્પુઓના નામે નહીં.

# ડૉ. વિનોદ જોશી - સમકાલીન ગુજરાતી કવિતાનું ગૌરવ

આધુનિક ગુજરાતી કવિતામાં જેમનું નામ ખુબ જ સન્માનપૂર્વક લેવામાં આવે છે એવા કવિ શ્રી વિનોદ જોશીનો જન્મ અમરેલી જિલ્લાના સાવ નાના એવા ગામ ભોરીંગડામાં થયો છે. માતા લીલાવતી અને પિતા હરગોવિંદદાસ જોશીના આ સારસ્વત પુત્રએ પોતાનું પ્રાથમિક શિક્ષણ બોટાદ તાલુકાના તુરખા ગામે તથા માધ્યમિક અને કૉલેજનું શિક્ષણ બોટાદમાં પૂર્ણ કર્યુ. અને અનુસ્નાતકની પદવી તેઓએ રાજકોટ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પ્રથમ વર્ગમાં મેળવી છે. આમ તો જો કે ઉચ્ચશિક્ષણની પ્રત્યેક પરીક્ષા તેઓએ પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને ઊત્તીર્ણ કરી છે. અને પ્રત્યેક પરીક્ષામાં યુનિવર્સિટી ફર્સ્ટ આવી સુવર્ણચંદ્રકો પણ મેળવ્યા છે.

આ કવિ - સર્જકે માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં રેડિયો નાટકના કલાસ્વરૂપ પર સંશોધન કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ઈ.સ. ૧૯૭૭ ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામે અધ્યાપક તરીકે એક વર્ષ કામ કરીને તેઓ બીજા જ વર્ષે ભાવનગરને પોતાની કર્મભૂમિ બનાવે છે. ૧૯૭૮ થી ૧૯૮૮ સુધી દસ વર્ષ ભાવનગરની કાપડિયા મહિલા આટ્ર્સ કૉલેજમાં પોતાની સેવાઓ આપે છે. અને ત્યાર પછી ૧૯૮૮ થી આજ પર્યંત ડૉ. વિનોદ જોશી ભાવનગર યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે પોતાની સાહિત્યિક અને શૈક્ષણિક સજ્જતાનો સૌ કોઈને પરિચય આપી રહ્યા છે. ડીન ઉપરાંત યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોના સભ્ય તરીકે પણ તેઓ કાર્યરત છે. તો વળી આ જ યુનિવર્સિટીના ઉપ કુલપતિ તરીકે તેમણે નોંધપાત્ર સેવાઓ આપીને પોતાની વહિવટી કુશળતાનો પણ પરિચય આપ્યો છે.

આ વિદ્યાકીય યાત્રા દરમિયાન તેઓએ મા સરસ્વતીની અસીમ કૃપા પણ મેળવી છે. બહુ નાની ઉંમરે તેમનો પહેલો કાવ્ય સંગ્રહ ‘પરંતુ’( ૧૯૮૪ ) કવિલોક નવ્યકવિશ્રેણી અંતરગત પ્રગટ થાય છે. જેને કવિશ્રી જયંત પાઠક પારિતોષિકથી પણ નવાજવામાં આવે છે. ત્યાર પછી બીજા જ વર્ષે કવિ મહાભારત જેવા કથાનકમાંથી એક પાત્રની મનોવેદના વ્યક્ત કરતું વૃત્તબદ્ધ કાવ્ય ‘શિખંડી’ દ્વારા અને ‘તુણ્ડિલ તુણ્ડિકા’ જેવી કૃતિ દ્વારા મધ્યકાલીન યુગની પદ્યવાર્તાના સ્વરૂપને અર્વાચીન રૂપ આપીને એક સક્ષમ કવિ તરીકેનો પરિચય સૌ કોઈને આપે છે. કવિની આ કૃતિઓની ચર્ચા પણ સારી એવી થાય છે. પરંતુ કવિ વિનોદ જોશીને સાચી લોકપ્રિયતા અને એક સક્ષમ કવિ તરીકે ઓળખ આપે છે એમનો સુપ્રસિદ્ધ કાવ્યસંગ્રહ “ઝાલર વાગે જૂઠડી “૧૯૯૧માં પ્રગટ થયેલો આ સંગ્રહ ગુજરાતી ગીતનો એક નવો લય, નવી દિશા અને નવો વળાંક લઈને આવે છે. કવિએ પરંપરિત ગીતની લોકધારાને નવા કલ્પનો. નવો લય અને શબ્દોને નવા અર્થો આપીને ગુજરાતી ગીતને લોકપ્રિય બનાવ્યું છે. અનિલ જોશી અને રમેશ પારેખ પછી ગુજરાતી ગીતને લોકકંઠે ગૂંજતું કરવામાં કવિ વિનોદ જોશી મૂખ્ય રહ્યા છે. પ્રચલિત શબ્દોનો સૂક્ષ્મ અર્થ - ભાવ, ભાષા અને લયનું સાહજિક, નમણું સૌન્દર્ય એમના ગીતોની આગવી ઓળખ છે. સંવેદનની આંતરિકતાને શબ્દનાદ દ્વારા પ્રકટ કરીને આ કવિ ભાષાની સૂક્ષ્મ ધાર કાઢે છે. હૃદયના ભાવોને માત્રિક આવર્તનોમાં ગૂંથીને છંદ અને ભાષાનું કવિ ગૌરવ વધારે છે.

આ કવિના ગીતોમાં તળપદો લય અને ગ્રામ પરિવેશની ભાષાનો મોહક સમન્વય જોવા મળે છે. નારીની ભાવસૃષ્ટિની વિવિધ મુદ્રાઓનું આલેખન કરતી એમની ગીતરચનાઓ, ઉપરાંત ચુસ્ત સંસ્કૃત વૃત્તોમાં લખાયેલી એમની છાંદસ રચનાઓ ગુજરાતી કાવ્યરસિકોમાં અને વિવેચકોમાં ખુબ ઊંચી પ્રશસ્તિ પામી છે.

સમકાલીનતાના કોઈપણ વાદ - વિવાદ કે પ્રભાવમાં આવ્યા વિના પોતિકો અવાજ ઊભો કરનાર આ કવિ પોતાના કલ્પનોની તાજગીથી ભાવકોના ચિત્તને હરી લે છે. એમના વૃત્તબદ્ધ ગીતોનો લય સંગીત સાથે વિશેષ નાતો ધરાવે છે. એમની અનેક કાવ્યકૃતિઓની ગુજરાતી સંગીતના વરિષ્ઠ ગાયકો - સ્વરકારોએ દેશ વિદેશમાં સંગીતમય રજુઆત કરીને ગુજરાતી ગીતનું અને કવિતાનું ગૌરવ વધાર્યુ છે.

એમના ત્રીસ જેટલાં સર્જનાત્મક અને વિવેચનાત્મક પુસ્તકો પ્રગટ થયા છે. જેમાંથી કેટલાકને ગુજરાત અને મહારાષ્ટ્રની યુનિવર્સિટીમાં પાઠ્ય - પુસ્તક તરીકે સ્થાન મળ્યું છે.

આ સર્જક - કવિ રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પશ્ચિમ ભારતના તેમજ ગુજરાતી ભાષાના કન્વીનર અને એક્ઝિક્યૂટીવ બોર્ડના સભ્ય રહ્યા છે. જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના સાંસ્કૃત્તિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડના ઉપરાંત બિરલા સરસ્વતી સન્માન સમિતિના પણ તેઓ સભ્ય તરીકે પોતાની સેવાઓ આપે છે.




દુનિયાના ઘણા દેશોમાં જેવા કે અમેરિકા, કેનેડા, ચીન, થાઈલેન્ડ અને પૂર્વ આફ્રિકામાં તેઓ ગુજરાતી ગીત કવિતાની ધારાને વહેતી કરી ચૂક્યા છે. રાષ્ટ્રિય સાહિત્ય અકાદમીના પ્રતિનિધીરૂપે તેઓ ચીનનો સાંસ્કૃત્તિક, સાહિત્યિક પ્રવાસ પણ કરી ચૂક્યા છે.

આ કવિ ગુજરાતી ભાષાના નીવડેલા પ્રશિષ્ટ અધ્યાપક હોવાની સાથે સાથે પ્રભાવક અભ્યાસનિષ્ઠ વક્તા પણ છે. વિનયન શાખાના ડીન તરીકે ફરજ બજાવતા આ કવિએ કવિતા ઉપરાંત વિવેચન, સંશોધન અને શૈક્ષણિક ક્ષેત્રે પણ મૂલ્યવાન કાર્ય કર્યુ છે. અમૃત ઘાયલ અને રેડિયો નાટક વિશેનું તેમનું સંશોધન ખુબ જ નોંધપાત્ર રહ્યું છે. તો વળી તેમના વિવેચન સંગ્રહો ‘અભિપ્રેત’, ‘ઉદગ્રીવ’ અને ‘નિવેશ’માં તેમની એક વિવેચક તરીકેની સજ્જતાનો પરિચય મળી રહે છે. જેમાં વૈવેચનીય દૃષ્ટિકોણ અને મૂલ્યાંકનના નવા પરિમાણો જોઈ શકાય છે.

તો વળી તેમના સંપાદનો પણ સાહિત્યમાં નોંધપાત્ર અને લોકપ્રિય બન્યા છે. પત્રકથા રૂપે તેઓ “મોરપીંછ” નું સર્જન કરીને એક સંવેદનશીલ કથાસર્જક હોવાનો પણ અહેસાસ આપણને કરાવી એક નવા સાહિત્ય સ્વરૂપને આપણી સમક્ષ ખોલી આપે છે.

હાલ સાહિત્યિક ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરતા અનેક યુવક યુવતીઓને એમ.ફિલ અને પીએચ.ડીનું માર્ગદર્શન તેઓ આપી રહ્યા છે. તો વળી ભાવનગરથી પ્રસિદ્ધ થતા અખબાર “સૌરાષ્ટ્ર સમાચાર” માં તેઓ છેલ્લા વીસેક વર્ષથી વિવિધ કૉલમો લખતા રહે છે, જેમાં “હવાની હવેલી”તેમ જ “ મોરપિચ્છ “ અત્યંત લોકપ્રિય થયેલી. તો વળી દર રવિવારે “ કવિતા એટલે કવિતા “ નામે એમની કૉલમ પ્રગટ થતી હતી. જ્યારે “દિવ્ય ભાષ્કર” અને



“સૌરાષ્ટ્ર સમાચાર”ની પૂર્તિ “કળશ : માં એમની કૉલમ ‘ખોબામાં જીવતર” દર બુધવારે પ્રગટ થતી હતી હમણા સુધી ‘ફૂલછાબમાં દર ‘રવિવારે’ “કાવ્યપટ” કૉલમ લખતા. છેલ્લા અઢાર વર્ષથી સૌરાષ્ટ્રમાં મહુવા ખાતે યોજાતા “અસ્મિતાપર્વ”ના તેઓ એક આયોજક અને પ્રભાવક વક્તા પણ રહ્યા છે.

ડૉ. વિનોદ જોશીને એમની સાહિત્યસેવા માટે કવિશ્રી ઉમાશંકર જોશી એવોર્ડ, કવિશ્રી જયંત પાઠક પારિતોષિક, તેમ જ ક્રિટિક્સ એવોર્ડ સંધાન - કવીશ્વર દલપતરામ એવોર્ડ, રમણલાલ જોશી પારિતોષિક, અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી એવોર્ડ જેવા ગૌરવશીલ પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

આમ ડૉ. વિનોદ જોશી આપણી ભાષાના એક પ્રશિષ્ટ કવિ, સર્જક, વિવેચક અને સંપાદક છે. સાહિત્યના વિવિધ ક્ષેત્રમાં એમનું પ્રદાન મૂલ્યવાન રહ્યું છે. આધુનિક ગુજરાતી કવિતાના ઈતિહાસમાં કવિ વિનોદ જોશીનું નામ સુવર્ણાક્ષરે અંકાશે અને ગુજરાતી ગીત તથા ભાષાનું પણ ગૌરવ વધશે.

ડૉ. વિનોદ જોશીની નોંધપાત્ર પ્રકાશિત કૃતિઓ

કવિતા : પરંતુ, ઝાલર વાગે ઝૂઠડી , શિખંડી, તૂણ્ડિલ તૂણ્ડિકા,

વિવેચન : અભિપ્રેત, નિવેશ, ઉદગ્રીવ, અમૃત ઘાયલ : વ્યક્તિમત અને વાઙ્મય, રેડિયોનાટક : સ્વરૂપ

સિદ્ધાંત, સૉનેટ, નિભ્રાંત, વિશદ.


સંપાદન : રાસતરંગિણી, આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો, વિજયરાય વૈદ્ય સ્મારક ગ્રંથ, કાવ્યચયન.

અન્ય : મોરપિચ્છ (પત્રકથા), વીજળીના ચમકારે (ચિંતનાત્મક લેખો) ખોબામાં જીવતર

(પ્રસંગકથાઓ) કાવ્યપટ - કાવ્યરટ - કાવ્યતટ (કાવ્યાસ્વાદ)

9426060601.india@gmail.com

# પામ વૃક્ષોની બહુઉપયોગીતા માનવજીવન માટે સિદ્ધ થયેલ છે



નહીં વૃક્ષ, નહીં છોડ, નહીં ઘાસ. પામ વૃક્ષ કહીએ છીએ પણ તે વનસ્પતિ શાસ્ત્રમાં વૃક્ષની વ્યાખ્યા સાથે બંધબેસતું નથી.

સોપારી (Araca catuchu), તાડ (Borassus flabellifer), નાળિયેરી (Cocos nucifera), નેતર (કેન) (Calamus Fenuis) , ખજૂરી, (Phoenix sylvestris), પામ ઑઈલ (Elaeis gulneesis) આ બધા પામ એટલે કે પામી (Palmae) કુટુમ્બના આપણાં કેટલાક જાણીતા વૃક્ષો. ગુજરાતીમાં આપણે તેને ‘તાડાદિ કુળ’ પણ કહીએ છીએ.

સમગ્ર વિશ્વમાં પામની ૨૧૦થી ૨૩૦ (genera) અને ૩૦૦૦થી ૪૦૦૦ જાતિઓ (species) નોંધાઈ છે. આપણાં ભારતમાં ૨૨૩ જેટલી પામકુળની જાતિઓ જોવા મળે છે. વિશ્વના ઉષ્ણકટીબંધીય, અને શીતોષ્ણ ભાગોમાં તેનો વ્યાપ છે. તે ૧૦૦૦ મીટરની ઊંચાઈ સુધી જોવા મળી શકે છે. પ્રાપ્ત થયેલ પામના અશ્મિઓ આધારે તેની ઉત્પત્તિ ૮૦ મિલિયન વર્ષ પહેલાં કેટેશિયસ કાળમાં થયેલ હોવાનું મનાય છે. આજે મેન્ગ્રુવ પામ પ્રકારની વનસ્પતિ તે પૈકી હયાત છે.

પામ વૃક્ષોને મુખ્ય બે સમુહોમાં વિભાજીત કરી શકાય, એક પંજાકાર - પંખાકાર (Palmate - Fan sheped), બીજું પીંછાકાર હોય છે, જયારે ખજૂરી અને નાળિયેરીના પર્ણો પીંછાકાર હોય છે. આ કારણે પામના પર્ણો ફ્રોન્ડ (Pinnate - Feather shaped) તરીકે ઓળખાય છે. પામમાં પર્ણો વૃક્ષના ઉપરના ભાગે ઝૂમખાં જેવાં ગોઠવાયેલા હોય છે. જયારે તેનું થડ શાખા, ડાળીઓ વગરનું સપાટ કે ખરબચડું હોય છે. વૃક્ષ વૃદ્ધિ પામતું જાય તેમ તેમ તેના નીચેના ભાગેથી પર્ણો ખરચાં જાય છે તેની સાથે થડ પર કાયમી રીતે ટકી રહેલી જોવા મળે છે. રાફીયા પામના પર્ણો ૬૦ થી ૮૦ ફૂટ સુધીની લંબાઈના થાય છે.

પામ વૃક્ષના થડ પૂર્ણ વૃદ્ધિ પામ્યા પછી વધુ ઘેરાવો ધારણ કરતાં નથી પણ ઉંમર વધતી જાય તેમ તેની ઊંચાઈ વધતી રહે છે. લેડીપામ બધા પામમાં નાનામાં નાના ગણાય છે જે ૬ થી ૧૨ ફૂટતી વધુ ઊંચા થતાં નથી તે કારણે તેને ઈન્ડોર પ્લાન્ટ તરીકે વધુ પસંદ કરવામાં આવે છે. જયારે કોલંબીયા દેશનું રાષ્ટ્રીય વૃક્ષ એવા ક્વીન્ડીયો વૃક્ષ પામ ૨૦૦ ફૂટ જેટલી ઊંચાઈના થાય છે. જયારે ક્લાઈમ્બીંગ રેટન નામના પામનું થડ ૫૬૪ ફૂટની લંબાઈ સુધીનું મળી આવેલ હતું. સાગો પામ પ્રકારના વૃક્ષને બોનસાઈ તરીકે ઉછેરી શકાય છે.

પામ વૃક્ષના ફુલો આછા સફેદ, પીળાશ પડતાં લીલા કે આછા લીલા રંગના હોય છે. પામ વૃક્ષ પર નર અને માદા એમ બંને પ્રકારના ફુલો આવે છે. પરંતુ એક ઋતુમાં બધા જ માદા કે નર ફુલ આવે તો તે પછી બીજી ઋતુમાં તેનાથી વિપરીત ફક્ત નર કે માદા ફૂલો આવે છે. તાડપત્ર વૃક્ષ પ્રકારના કેટલાક પામ પર એક જ વાર ફુલ-ફળ આવે છે ત્યારબાદ તે વૃક્ષનું જીવન પૂર્ણ થાય છે. કાર્યોટા પામ ૨૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે. જયારે ચામાઈરોપસૂહ્યુમીલીસ પ્રકારના પામ ૪૦૦ વર્ષ સુધીનું આયુષ્ય ધરાવે છે. પામ વૃક્ષોમાં નાળિયેરનું ફળ સહુથી મોટામાં મોટું ફળ ગણાય છે. તેની ઉપયોગીતા પણ બધા પામ વૃક્ષોમાં સહુથી વધુ છે. ત્યારબાદ ખજૂર (ખજૂરી) નો ક્રમ આવે તેની ઉપયોગીતાને કારણે તેને ‘ટ્રી ઑફ લાઈફ’ (Date palm) પણ કહે છે. જયારે નાળિયેરીના વૃક્ષને ‘કલ્પવૃક્ષ’ ઉપનામ અપાયું છે.




રોયલ કે બોટલ પામ, પંખા પામ, શિવજટા પામ જેવા પામ વૃક્ષો બગીચાની શોભાવૃદ્ધિ માટે વવાય છે.

ખજૂરી, તાડ, નાળિયેરી, સોપારી, નેતર, પામ ઓઈલ વૃક્ષ જેવા પામના વૃક્ષોમાંથી ખોરાક, તેલ, ગોળ, નશાકારક પીણા, ઘરસામાન જેવી અગણિત ચીજ-વસ્તુઓ પુરી પાડતાં પામ વૃક્ષોની બહુઉપયોગીતા માનવજીવન માટે સિદ્ધ થયેલ છે.

સૂર્ય, સમુદ્ર તટ, સમુદ્રના મોજાની સાથે વણાઈ ગયેલ નાળિયેરી કે પામનાં વૃક્ષો ઉજાણી, પર્યટન, વેકેશન કે મોજ-મસ્તીના પ્રતિક બની ગયેલ છે. તેવા પામ વૃક્ષોને બચાવવા માટે વર્ષ ૧૯૮૪માં વર્લ્ડ કન્ઝર્વેશન યુનિયન (IUCN) ને તેના સંરક્ષણ અને સંશોધન માટે પામ સ્પેશિયાલીસ્ટ ગૃપ બનાવવું પડેલ છે તે એક દુઃખદ વાત છે.



# ખતખબર : ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં ...!!!

‘ખત લીખ દે સાવરિયા કે નામ બાબુ, કોરે કાગજ પે લીખ દે સલામ બાબુ...તો વો જાન જાયેંગે પહેચાન જાયેંગે...” ૩૦૦ – ૫૦૦ શબ્દોની લીમીટ કે અનલીમીટેડ મેસેજીન્ગના જમાનામાં જીવતા વી ધ પીપલ ને આ કોરે કોરો કાગળ મોકલવાની વાત હસવા જેવી લાગે ને એમાયે પાછું વાંચનાર કોરો કાગળ પણ ઉકેલી જશે એ વધુ અચરજવાળું લાગે પણ એ ખત – કાગળ કે ટપાલના જમાનાને જીવી જનારને ખબર હશે કે કોરા કાગળો પણ જ્યાં વંચાય એવી શક્તિ હતી ટપાલોની...!!! બીટવીન ધ લાઈન્સ અને અધૂરા મુકાયેલા શબ્દો પણ ટપાલોમાં સાંગોપાંગ ઉકેલાઈ જતા. સાસરેથી દીકરીએ લખેલો પત્ર કે શહેરમાં ભણતા પુત્ર / પુત્રીએ લખેલા પત્રમાં માં-બાપ એ પત્રમાં વણલખાયેલી ‘અધુરી કહાની’ બરાબર ઉકેલી જાણતા. પત્રોમાં વેદના લખાતી, પત્રોમાં ખુશી વહેચાતી, પત્રોમાં વાયદાઓ થતા, પત્રોમાં વિરહ પત્રોમાં વિરહ ઘૂંટાતો...!!! પત્રો સંઘરાતા, પત્રો વારંવાર વંચાતા...!!! યસ, આજે જાતજાતના અને ભાતભાતના ઈન્સ્ટન્ટ મેસેજિંગના જમાનામાં જીવતા લોકોને નહિ સમજાય એ ટપાલોનું લખવું,મોકલવું અને ખાસ તો કોઈની ટપાલ – કાગળ કે ખતના આવવાની રાહ જોવી...!!

આજે તો હવે ટેલીફોનના કે લાઈટના બિલ કે પછી કોઈ બેંક કે સરકારી કાગળ સિવાય તો ટપાલો જ આવતી બંધ થઈ ગઈ છે ને સાથે બંધ થઈ ગયો છે ટપાલીની સાઈકલની ઘંટડીનો એ અવાજ કે જે ત્રીજી શેરીમાં વાગતી હોય તોય આપણે દરવાજે આવીને ઉભા રહી જતા...!!! ટપાલ જેટલું જ ટપાલીઓનું પણ મહત્વ રહેતું એનું એક ઉદાહરણ એ છે કે સાહિત્યમાં ટપાલીઓ પર પણ વાર્તાઓ લખાઈ છે..!!! યાદ છે ને અલીડોસા ની વાર્તા...!!! યાદ છે ને મુંબઈ કમાવા ગયેલા દીકરાને પોતાની વ્યથાનું વર્ણન કરતો ‘આંધળી મા નો કાગળ’ !!! હવે તો બેંકો અને સરકાર પણ મોટાભાગના સંદેશાઓ મોબાઈલ કે ઈમેલ પર જ મોકલતી થઈ ગઈ છે. જગત ઓનલાઈન થતું જાય છે એનું જો સૌથી મોટું કોઈ નુકશાન હોય તો એ આ ટપાલો કે ખત ના લખવા અને મેળવવાની જે મજા હતી એના પર થયું છે. પરિવર્તન સંસારનો નિયમ છે એની નાં નહિ પણ ‘ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં, ફૂલ નહિ મેરા દિલ હૈ...’ એવી મજા વોટ્સઅપ કે મેસેન્જરના સ્માઈલીમાં ક્યાં? ટપાલો આવતી નથી એનું એક બીજું કારણ અને મહત્વનું કારણ એ છે કે હવે ટપાલો લખાય છે જ ક્યાં? ઈનફેક્ટ ટપાલો છે જ ક્યાં? મેં ને તમે સાદું પોસ્ટકાર્ડ કે ઇનલેન્ડ જોયાને કેટલા દિવસો કે મહિનાઓ થઈ ગયા છે? સાચું કહેજો...!!! અરે આજનો યુવાન કે યુવતી તો ‘પ્રેમપત્ર’ લખવાનું જ ભૂલી ગઈ છે, આઈ મીન લખે તો છે પણ મોબાઈલ મેસેજ કે ઈમેલમાં (મજાની વાત એ છે કે આ મેસેજીસ ડીલીટ કરી શકાય છે...!!!)

પંદર પૈસાનું એ પોસ્ટકાર્ડ કે ૫૦ પૈસાનું ઇનલેન્ડ જયારે મળતું ને ત્યારે મેળવનારના હૈયામાં ભરતી ને આંખોમાં શ્રાવણ ભાદરવો ઉમટી પડતા ને જેવો એનો મેળવનાર એવી એની લીપી ઉકેલાતી. શબ્દોના ઓછાયે સંતાઈ રહેલી સ્માય્લીઓ ઉકેલાઈ જતી. તને પ્રેમ કરું છું એવું લખ્યા પછી હાર્ટનો શેપ કે તને યાદ કરું છું લખ્યા પછી પેલો હડપચીએ હાથ ટેકવેલું મુખડું મુકવાની જરૂર રહેતી નહિ, એ તો સમજાય જ જતું..!! તાજાતાજા સગાઈના બંધને બંધાયેલાની ટપાલો પર ‘પ્રાઈવેટ’ કે ‘કોન્ફીડેન્શીયલ’ લખવાની જરૂર રહેતી નહિ, એ તો એની અંદરથી આવતી ખુશ્બુ અને ઉપર કલરિંગ પેનથી પેનથી લખેલા એડ્રેસ પરથી જ ઓળખાઈ જતા. ટપાલી પણ આવા ‘પેશીયલ’ ખત કે ટપાલને વીવીઆઈપી ટ્રીટમેમેન્ટ આપતો, આખિર મામલા દિલકા જો રહેતા..!!! પ્રેમી પંખીડાઓ એટલે તો બ્રેકઅપ પછી ગાતા હશે કદાચ કે ‘તેરે ખુશ્બુઓ સે ભરે ખત મેં જલાતા કૈસે...!!’ ઈ જલાવતા કેમનો જીવ હાલે ભાય્ય...?

પત્ર લખવો એ પણ એક કળા હતી...અહી ‘હતી’ એટલા માટે લખ્યું છે કે આજના ઈમેલના જમાનામાં હવે તો પુરા શબ્દો પણ લખતા નથી એમાયે શોર્ટહેન્ડ દાખલ થઈ ગયું છે. હવે તો સંબોધન પણ ગૌણ બની ગયું છે એવા સમયે પોસ્ટકાર્ડ કે ઇનલેન્ડનો અર્ધો ભાગ તો સર્વે સભ્યોના નામ અને એમના આદર સત્કારમાં જ જતો - કોઈ રહે નાં જાયે એનું ધ્યાન પણ રાખવું પડતું !!!. પોસ્ટકાર્ડ સૌથી વધુ હાથવગું અને સરળ માધ્યમ હતું કાગળ લખવાનું. એ ૪X૬ ઈંચની જગ્યાના એક એક મીલીમીટરનો ઉપયોગ કરાતો પત્ર લખવામાં. ‘અનુસંધાન પાછળ’ એવું લખવાનો રીવાજ જ નહોતો કેમકે પોસ્ટકાર્ડમાં જ્યાં જગ્યા ખાલી દેખાય ત્યાં લખી નાખવાનું, ઈંચે ઈંચનો ભરપુર ઉપયોગ...!! ને ટપાલી પણ અધૂરા સરનામાંવાળા કે ઓછી માહિતી એડ્રેસમાં આ ખત પણ ખંતથી સાચી જગ્યાએ પહોચાડતા. ભાગ્યે જ એવું બનતું કે મોકલનારે ‘હું તો કાગળિયાં લખી લખી થાકી વ્હાલાજી તારા મનમાં નથી’ એવું ગાવાનો વખત આવ્યો હોય...!!, આજની જેમ નહિ કે ઈમેલમાં જરાક ‘ ડોટ કોમ ‘ની જગ્યા એ’ ડોટ ઈન ‘કર્યું કે ફટ કરતોક ને ‘ડીલેવરી ફેઈલ’ એવા સંદેશ સાથે ઈમેલ સ્વગૃહે – આઈ મીન સ્વ-ઈનબોકશે પાછો...!!!




ટપાલ લખવાના પણ કલર કોડ રહેતા. આજે ફોન્ટને જુદા જુદા કલર કરીને ધ્યાન ખેચવું પડે છે એની બદલે ટપાલો લખવામાં વપરાતી શાહીનો કલર જ પુરા હાલ બયા કરી દેતો હતો. સામાન્ય ખુશીખબરની ટપાલો બ્લુ શાહીમાં જ લખાઈ હોય અને જો લાલ શાહીવાળો પત્ર મળે તો સમજી જ જવાનું કે કશુક આમંત્રણ મળ્યું કે કશીક અનહદ ખુશીની વાત આવી પત્રમાં અને જો કાળી શાહી હોય તો સમજી લેવાનું કે કશુક અમંગળ બન્યું છે. આ કાળી શાહી વાળા લેટરને ‘કાળોતરી’ કહેવાતો. કાળોતરો મળે એટલે પહેલા પોક મુકાતી એ પછી કઠ્ઠણ કલેજાવાળું ઘરનું કોઈ સભ્ય એને હાથ અડાડતું અને પછી પણ એ ટપાલ ઘરની બહાર જ રાખવામાં આવતી . નવી પેઢીને તો આ વાંચીને પણ આશ્ચર્ય સાથે હસવું આવી જશે. ટપાલોમાં પણ આ શાહીની જેમ પ્રકાર રહેતા. સાદું પોસ્ટકાર્ડ એટલે ઓપન લેટર કે જેમ સામાન્ય ખુશીખબરની અને ક્ષેમ-કુશળની વાત હોય કે જેને ઘરના બધા જ સભ્યો વાંચી શકયા અને આંતરદેશીય કે કવર એટલે કશુક ખાસ અને કોઈક ખાસ વ્યક્તિના નામજોગ જ. ખાખી પરબીડીયું આવે એટલે સમજી જવાનું કે સરકાર માઈ-બાપનો કશોક સંદેશો આવ્યો..!! કવર પર લખેલા એડ્રેસના અક્ષરો પરથી જ ઓળખાય જતું કે મોકલનાર કોણ છે. દિવાળી કાર્ડો તો પછી આવ્યા એ પહેલા જેને દિવાળી કાર્ડ પોસાતા નહોતા એ લોકો પોસ્ટકાર્ડ પર જ હેપ્પી દિવાળી કે હેપ્પી ન્યુ યરના નારાઓ સુંદર ચિતરામણ સાથે મોકલતા નહોતા એ લોકો પોસ્ટકાર્ડ પર આવતા પત્રો હંમેશા યાદગાર રહેતા એમાં ખરેખર ભાવના, લાગણી અને પ્રેમ છલકાતો. પત્રોથી મૈત્રી થતી, વિકસતી... પત્રોથી પ્રેમ પરવાન ચડતા... પત્રોથી હુંફ મોકલાતી... પત્રોથી ખુશીઓ વહેંચાતી...!! આજની તવારીખમાં તો કોમ્પ્યુટર - ઈન્ટરનેટ અને મોબાઈલ - એસએમએસના જમાનામાં પત્રલેખન ઓલ્ડફૅશન, આઉટડેટેડ ગણાય છે, પણ પત્રલેખન અને પત્ર મળ્યાનો જે આનંદ હતો તેની કદાચ નવી પેઢીને કલ્પના પણ નહીં આવી શકે એના માટે તમારે પલાંઠી વાળીને તમારા માતા-પિતા કે દાદા-દાદી પાસે બેસવું પડે... પછી જોવો ખજાનો ખુલે એ પત્ર-આનંદનો...!!

વિસામો :

વાંચવાલાયક : કનૈયાલાલ માણેકલાલ મુનશીની આત્મકથાના ત્રણ ભાગ માંહેના વચલા ભાગ ‘સ્વપ્ન સિદ્ધિની શોધમાં’ પુસ્તકમાં મુનશીજીએ (અતિલક્ષ્મીને પરણેલા હતા છતાં) લીલાવતી ને લખેલા પ્રેમપત્રો છપાયા છે.